સેવા મહાયજ્ઞ : હડીયોલ યુવક મંડળે ૨૦ દિવસમાં ૧૩,૦૦૦ દર્દીઓને ટીફીન પૂરા પાડ્યા

સલામ હડીયોલના યુવાનોને, વૃદ્ધ મહિલાનો ફોન આવ્યો અને ટીફીન પહોંચાડ્યું

ગામના કાન્તિદાદાને દાખલ કર્યા, હોસ્પિટલ બહારના દ્રશ્યો જોઈ દ્રવિ ઉઠ્યા અને શરૂ થયો સેવાયજ્ઞ..

બાયડ : હડીયોલ ગામના ગોકુલ(દ્રુપલ)પટેલે જણાવ્યું કે કોરોનાગ્રસ્ત દર્દી અને તેમના સગાઓને ટીફીન સેવા આપવાની સ્ફૂરના પણ અનોખી રીતે થઈ. અમારા ગામના કાન્તિદાદાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ૧૦ દિવસની હોસ્પિટલની અવર..જવર કરી. લૉકડાઉન હોવાથી દુકાનો બંધ હતી પરંતુ ગરીબ દર્દીઓ અને સગાઓ પાસેથી જમવા પેટે કેટલાક લોકો શાક અને રોટલીના રૂા.૧૪૦ પડાવતા હતા. આ જોઈ હું દુ:ખ થઈ ગયો. મારા એક મિત્રને વાત કરી અને પછી ૪ મિત્રોએ ભેગા મળી રૂા.૧ લાખ એકત્ર કર્યા અને અમારૂ ટીફીન સેવાનું યજ્ઞ શરૂ થયું. અમારી સેવામાં સમગ્ર ગામ અને મિત્રો સહભાગી બન્યા અને અમે ૨૦ દિવસમાં કોરોનાગ્રસ્ત દર્દી અને સગાઓને ૧૩૦૦ થી વધુ ટીફીનની સેવા પૂરી પાડી છે.

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

કોરોનાની બીજી લહેર ઓછી થઈ રહી છે. કોરોનાના કપરા કાળમાં અનેક લોકોએ પોતાના વ્હાલસોયા સ્વજન ગુમાવ્યા તેનું દુ:ખ દાયકાઓ સુધી રહેવાનું છે. પરંતુ કોરોનાના કપરા કાળમાં કોરોનાગ્રસ્ત દર્દીની નજીક જવા માટે પરિવાર તૈયાર ન હતો ત્યારે હિંમતનગર તાલુકાના હડીયોલ ગામના યુવક મંડળે જે સેવા કાર્ય કર્યુ તેની અચૂક નોંધ લેવી જોઈએ. ૨૦ દિવસમાં ૧૩,૪૦૦ થી વધુ ટીફીન પૂરા પાડી માનવતાની એક નવી મિશાલ કાયમી ઉભી કરી છે. સલામ હડીયોલના યુવાનોને..!!

કોઈ કુદરતી કે માનવ સર્જીત આપત્તિ હોય એટલે મદદનો ધોધ વહેતો હોય છે. કહેવત છે કે ગુજરાતી ભૂખ્યો સૂઈ જાય પરંતુ કોઈને ભૂખ્યો ન રહેવા દે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાનો ઝંઝાવાત આવ્યો હિંમતનગર સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ ગઈ. સરકારી ઉપરાંત ખાનગી કોવિડ હોસ્પિટલમાં દર્દીઓ માટે બેડ, ઓક્સિજન અને ઈન્જેક્શન ખૂટી પડ્યા. ર્ઢાક્ટર અને પેરામેડીકલ સ્ટાફ પણ એકાએક વધી ગયેલા દર્દીઓથી પરેશાન હતા છતાં પોતાના જીવની પરવા કર્યા વગર દર્દીઓની સેવા કરી અથાગ મહેનત પછી પણ અનેક દર્દીઓ તેમની નજર સમક્ષ મોતને ભેટ્યા. ત્યારે બીજો સેવા યજ્ઞ એટલે હડીયોલ યુવક મંડળનો સિવિલમાં કોરોનાના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, ગાંધીનગર, રાજસ્થાનના દર્દીઓ કણસતા હતા. કોરોનાના કારણે હિંમતનગર શહેરમાં લૉકડાઉન હતું. હોટલ, ઢાબા, રેસ્ટોરન્ટ બંધ હતા જેથી દર્દી અને તેમની સાથેના સગા માટે ભોજનની મોટી વિટંબણા આવી. હડીયોલના યુવક મંડળે હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દી અને સગાઓને મફત ટીફીન સેવા આપવાનો નિર્ણય કર્યો. જાજાહાથ રળીયામણા..ની ઉક્તિ અનુસાર યુવાનો ભેગા થયા અને ટીફીન સેવા શરૂ થઈ અને પાછલા ૨૦ દિવસમાં ૧૩,૪૦૦ થી વધુ ટીફીન પૂરા પાડીને જિલ્લાના યુવાધને અન્ય યુવાનોને એક નોખો સંદેશ આપ્યો છે.

ગ્રોમોર ઈન્સ્ટીટ્યુટ-હિંમતનગરમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

ગ્રોમોર ઈન્સ્ટીટ્યુટ-હિંમતનગરમાં તા.૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે આર્ટસ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિડીયોના માધ્યમથી પર્યાવરણને બચાવવા તથા વૃક્ષોની જાળવણી માટે જનજનમાં જાગૃતિ લાવવાના આશયે સંદેશ આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ અનોખી રીતે પર્યાવરણની જાળવણી માટે અન્યોને પ્રોત્સાહિત કરતાં કોમર્સ એન્ડ આર્ટસ વિભાગના પ્રિન્સીપાલ પ્રો.જૈમિન ભટ્ટ, સંસ્થાના સેન્ટર હેડ અને પ્રિન્સીપાલ પ્રો.ભરત સુથાર, એ.જી.એચ. શૈલેષ માકાણી, ટ્રસ્ટી ડૉ.બી.એલ.પટેલ, એમ.એલ.પટેલ, એચ.જે.પટેલ વગેરેએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

ઉભરાણમાં પરણિત મહિલા ગુમ : દુકાને જવાનું કહી રહસ્યમય રીતે ગાયબ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

માલપુર તાલુકાના ઉભરાણ ગામે પરમાર પરિવારના જાગૃતિબેન ખાંટ ઘરેથી દુકાને જાઉં છું તેમ કહી નિકળ્યા પછી રહસ્યમય રીતે ગુમ થતાં તરેહ તરેહની ચર્ચાઓ શરૂ થઈ છે. પરિવાર દ્વારા ગુમ થનારની શોધ કરવા છતાં કોઈ પત્તો ન મળતાં માલપુર પોલીસને જાણ કરવામાં આવી છે. પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ ધનસુરા તાલુકાના સૂકાવાંટડા ગામના અને હાલમાં માલપુરના ઉભરાણમાં રહેતા હસમુખભાઈ ખાંટનાં પત્નિ તા.૩ ના રોજ ગામમાં દુકાને જઈને આવું છું તેમ કહી નિકળ્યાં હતાં પરંતુ માંડે સુધી પરત ન આવતાં પરિવાર ચિંતામાં સરી પડ્યો છે. સગા-સબંધીઓ તેમજ અન્ય સ્થળે ગુમ થનાર મહિલાને શોધવાના પ્રયાસો કરવામાં આવ્યા છે પરંતુ હજુ સુધી કોઈ પત્તો ન મળતાં પુનમભાઈ નાનજીભાઈ ખાંટની ખબરના આધારે પોલીસે શોધખોળ શરૂ કરી છે.

અરવલ્લીનો કુખ્યાત બુટલેગર પાસામાં ધકેલાયો

વિદેશી દારૂની હેરાફેરી, હત્યાના આરોપસર સુરતની લાજપોર જેલમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી તેમજ હત્યા ઉપરાંત જીવલેણ હુમલાના બનાવોમાં સંડોવાયેલા ભિલોડા તાલુકાના જેસીંગપુરના કુખ્યાત બુટલેગર વસંત સૂરજીભાઈ બરંડાને પાસા હેઠળ સુરતની લાજપોર જેલમાં ધકેલવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે માથાભારે બુટલેગરના અપરાધોને ધ્યાનમાં રાખી અટકાયતનું વોરંટ ઈસ્યુ કર્યું હતું જેમાં એલ.સી.બી.ની ટીમે બુટલેગરને દબોચી લઈ પાસા હેઠળ જેલમાં મોકલી દીધો છે.

છેલ્લા કેટલાય સમયથી ભિલોડા તાલુકાના જેસીંગપુર-ડોડીસરા સહિતના વિસ્તારોમાં વિદેશી દારૂની હેરાફેરીમાં સંડોવાયેલા બુટલેગરો બેખોફ બન્યા છે. પોલીસ ઉપર હુમલા કરવાની સાથે હત્યા સહિતના ગુનાઓને અંજામ આપતાં પંથકમાં બુટલેગરોના ખોફનો માહોલ જોવા મળી રહ્યો છે. બિન્દાસ્ત રીતે તાલુકાના ચોક્કસ ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂનું કટીંગ કરી બુટલેગરોના ઈશારે વિદેશી દારૂ-બિયરનો જથ્થો ફોર વ્હીલર તેમજ ટુ-વ્હીલર વાહનો ઉપર માગો તે સ્થળે પહોંચાડવામાં આવી રહ્યો છે. તાલુકાના જેસીંગપુરમાં પોલીસના ચોપડે લીસ્ટેડ બુટલેગર વસંત બરંડાએ પોલીસના નાકે દમ લાવી દીધો હતો. હત્યાના પ્રયાસના અનેક ગુનામાં તે સંડોવાયેલો હોવાના કારણે તેને પાસામાં ધકેલવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી જેમાં ગત રોજ જિલ્લા સમાહર્તાએ ગુનાહીત ઈતિહાસોને ગંભીરતાથી તપાસી આરોપીને સુરતની લાજપોર જેલમાં પાસા હેઠળ મોકલી આપવા માટે આદેશ આપતાં પોલીસે તેની અટકાયત કરી જેલમાં ધકેલી દીધો છે.

ડીસા રૂરલ પોલીસ સ્ટેશનની આખોલ પોલીસ ચોકી પુનઃ શરૂ કરાઈ

રૂરલ પી આઈની પ્રસનીય કામગીરીથી સ્થાનિક વેપારીઓમાં ખુશી

ડીસા, તા. ૫

ડીસા થી થરાદ ધાનેરા અને રાધનપુર હાઈવે ને જોડતી આખોલ ચોકડી ઉપર સતત વાહન ની અવર જવર તેમજ અનેક દુકાનો શરૂ થઈ જતા અહીં દિવસ દરમિયાન લોકોની અવર જવર મોટા પ્રમાણ માં રહે છે જોકે આ વિસ્તાર માં પુલ નીચે આવેલી પોલિસ ચોકી લાંબા સમય થી બન્ધ હતી અને જેના લીધે આ વિસ્તાર ના વેપારીનો અસલામતી પણ અનુભવતા હતા ત્યારે આ બાબત ને ગમભીરતા થી લઈ ડીસા તાલુકા પોલીસ મથકના જાગૃત પોલીસ ઈન્સ્પેકટર એમ. જે. ચૌધરી ની સૂચના થી હેડ.કોન્સ રમેશભાઈ તથા સ્ટાફ દ્વારા બ્રિજ ની નીચે આવેલ ચોકીનું સમારકામ તથા સફાઈકામ કરી, લોક સહકાર થી લાઈટ અને પાણી ની વ્યવસ્થા કરી પુનઃ શરૂ કરી હતી તેમજ આજે પાંચ જૂને વિશ્વ પર્યાવર્ણ દિન નિમિતે ચોકી ની આજુબાજુની ખુલ્લી જગ્યા માં પો.ઈન્સ. ચૌધરી સાહેબ ના હસ્તે વૃક્ષા રોપણકરી, પોલીસ ચોકીને પુનઃ શરૂ કરી સેવાના શ્રી ગણેશ કરવામાં આવ્યા જતા જોકે લાંબા સમય થી બન્ધ પડેલી આ પોલિસ ચોકી પુનઃ શરૂ થતાં આસપાસ ના વેપારી ઓ માં ખુશી ફેલાઈ હતી દિવસ રાત દરમિયાન આ ચોકડી ઉપર અનેક વાહનો ની અવર જવર અને આસપાસ ના ગામો ના લોકો ખરીદી અર્થે આવતા હોય કાયદો અને વ્યવસ્થા અને ટ્રાફિક ની સ્થિતિ જળવાશે અને લોકો ને સલામતી પણ મળશે એમ સ્થાનિક વેપારી ઓ એ જણાવ્યું હતું

ગાંભોઈ ગ્રામ્ય વિસ્તારમાં વાવાઝોડા સાથે દોઢ ઈંચ વરસાદ

માર્ગો પર અસંખ્ય વૃક્ષો ધરાશાયી

ગાંભાઈ, તા.૫

હવામાનમાં આવેલા અચાનક પલ્ટાના કારણે શુકવારના રોજ ગાંભોઈ વિસ્તારમાં વાવાઝોડા સાથે દોઢ ઈંચ ઉપરાંત વરસાદ વરસ્યો હતો. વરસાદ સાથે આવેલા ભારે વાવાઝોડાના કારણે ગાંભોઈ વિસ્તારના સઢા,કરણપુર, હંજ, બાંખોર, રાયગઢ, રૂપાલ સહિત ગામડાંને સાંકળતાં માર્ગો પર સેકડો વૃક્ષો ધરાશાયી થયા હતા. તેમજ વીજ લાઈનના પોલ પડી જવાથી અનેક ગામોં મોડે સુધી વીજ પુરવઠો ખોરવી ગયો હતો. બાજરીના તૈયાર મોલના સમયે જ વરસાદ તથા ખેડૂતોમાં ભારે ચિંતાની લાગણી પ્રસરી છે.

૫ જુને વિશ્વ પર્યાવરણના દિનના પૂર્વે જ ગામડામાં વાવાઝોડાથી સેંકડો વૃક્ષો ધરાશાયી થતાં પર્યાવરણ પ્રેમીઓમાં ભારે નિરાશાની લાગણી જનમી છે.

પ્રયાસ ગ્રુપ દ્વારા હીરાપુર ચિલ્લામાં પક્ષીઓ માટે ચબૂતરો બનાવવામાં આવ્યો

ધનસુરા, તા. ૫

પ્રયાસ ગ્રુપ દ્વારા હીરાપુર ચિલ્લા માં પક્ષીઓ માટે ચબૂતરો બનાવવામાં આવ્યો હતો પ્રયાસ ગ્રુપ ના પ્રમુખ આનંદભાઈ પટેલ ધ્વારા આ સરાહનીય કાર્ય કરવામાં આવ્યું હતું પ્રયાસ ગ્રુપ ના યુવાનો ધ્વારા ધનસુરા પંથક માં અનેક સેવા ના કાર્ય કરાય છે લોકડાઉન માં અનાજ કરીયાણાની કીટ વિતરણ કરાયું હતું પ્રયાસ ગ્રુપ આ ઉપરાંત ઉનાળા માં પાણીની પરબ,શિયાળા માં ગરીબ બાળકોને સ્વેટરનું વિતરણ જેવા કાર્ય કરે છે.ત્યારે પ્રયાસ ગ્રુપ ના આ કાર્ય ની સૌએ સરાહના કરી હતી.પ્રયાસ ગ્રુપ ના આનંદભાઈ પટેલ,જીગ્નેશ ભાઈ પ્રજાપતિ,જીતેન્દ્રભાઈ, રાજેશભાઈ તથા જયભાઈ જોશી દ્વારા વિવિધ કાર્ય કરવામાં આવે છે

વિશ્વ પર્યાવરણ દિવસની ગાયત્રી પરિવાર દ્વારા ઉજવણી

મોડાસા, તા. ૫

આજે જ્યારે વિશ્વભરમાં પર્યાવરણ બચાવવા સૌ ચિંતિત છે. ત્યારે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા વૃક્ષ ગંગા અભિયાન અંતર્ગત આજે તરુ રોપણ માટે વિશેષ આંદોલન ચલાવવામાં આવ્યું. જેના ભાગ રુપે મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા ઠેર ઠેર રોપા વિતરણ તથા વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું. આ વિશ્વ પર્યાવરણ દિવસ પર બાળકોમાં વિશેષ જાગૃતિ આવે તે માટે મોડાસા ખાતે ઓનલાઈન નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જે વિલાસબેન પટેલના માર્ગદર્શનમાં ચોવીસ બાળકોએ પોતાના ઘેર જ નિબંધ લેખન કરી ઓનલાઈન મોકલી ભાગ લીધો. જેનું પરિણામ ગાયત્રી જયંતી પર વેબ સેમિનારમાં જાહેર કરવામાં આવશે.

પર્યાવરણ વિષે વધુ જાગૃતિ આવે તેવા ઉદ્દેશ્યથી ગાયત્રી પરિવાર યુવા સંગઠન, ગુજરાતના અગ્રણી કિરીટભાઈ સોની દ્વારા આજે વેબ સેમિનાર યોજવામાં આવેલ છે. શાંતિકુંજ ,હરિદ્વારના વૃક્ષ ગંગા અભિયાન અંતર્ગત અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં ૧૨૦૦૦ થી વધુ વૃક્ષો ઉછેરી જતન કરવામાં કાર્યશીલ છે. એવા પર્યાવરણ વિષયમાં નિષ્ણાંત ડૉ. સતિષ પટેલ દ્વારા આ વેબ સેમિનારમાં પર્યાવરણ બચાવો આંદોલન માટે વિશેષ માર્ગદર્શન આપવાનું આયોજન કરવામાં આવ્યું.

અવસાન નોંધ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

બાયડ : બાયડની વ્રજભૂમિ સોસાયટીમાં રહેતા ભરતભાઈ લવજીભાઈ પટેલ(નિવૃત્ત હેડકલાર્ક : બાયડ હાઈસ્કુલ)ના પુત્ર કૌશલેન્દ્ર પટેલનું દુ:ખદ નિધન થયેલ છે.

પ્રાંતિજ ખાતે નગરપાલિકાના ઉપપ્રમુખને મારમારતા ત્રણ ભાઈઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ

ઉપપ્રમુખની દુકાનના પાછળના દરવાજા પાછળ ગાડી મુકેલ હોય કહેવા જતા ઉપપ્રમુખને મારમાર્યો: ઉપપ્રમુખને મારમારી ગાળો-બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા ત્રણેય ભાઇઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઇ : પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી આગળની કાર્યવાહી હાથ ધરી

પ્રાંતિજ તા. ૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકાના ઉપપ્રમુખને મારમારી ગાળો-બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં ત્રણ ભાઈઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ.

પ્રાંતિજ નગરપાલિકાના ઉપપ્રમુખ અને પ્રાંતિજના વેપારી જગદીશભાઈ લચ્છુમલ કિંમતાણી રહે. ગજાનંદ સોસાયટી કે જેવો ની હજામચોરા વિસ્તારમા કરીયાણાની દુકાનની પાછળ આવેલ દરવાજા ઉપર વસંતકુમાર જયંતિભાઈ મોદી ની દુકાને આવતા કોઈક ગ્રાહકે ગાડી મુકેલ હોય જેથી નગર પાલિકા ઉપપ્રમુખ અને દુકાન માલિક જગદીશભાઈ કિંમતાણી દ્વારા વસંતકુમાર મોદી ને કહેવા ગયેલ કે અમારા દુકાનના દરવાજા થી તમારે ત્યા આવતા ગ્રાહકો ગાડીઓ દુર રાખે અમણે માલ સામાન લઈ જવામા તકલીફ પડે છે તેવુ કહેતા વસંતકુમાર મોદી એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલતા જગદીશભાઈ એ ગાળો બોલવાની ના પાડતા વસંતકુમાર મોદી એ જગદીશભાઈ ને જમણા ગાલે એક લાફોમારી દીધેલ તો વસંતકુમાર મોદી નુ ઉપરાડુ લઈ ને કીરીટ કુમાર જયંતિભાઈ મોદી તથા હરેશકુમાર જયંતિભાઈ મોદી આવી જગદીશભાઈ ને જેમ ફાવે તેમ ગડદાપાટુ નો માર મારવા લાગેલ અને જગદીશભાઈ એ બુમાબુમ કરતા દુકાન મા કામ કરતા સંજય ભાઈ મારવાડી તથા રમેશભાઈ પરમાર દોડી આવ્યા હતા અને જગદીશભાઈ ને વધુ મારમાંથી છોડાવ્યા હતા અને ત્રણેય જણા જતા જતા કહેતા હતા કે આજે તો તુ બચી ગયો છે પણ ફરી થી દુકાને આવેલ વાહન બાબતે વાંધો લઈશ તો તને જાનથી મારી નાખીશુ જેથી ફરિયાદી જગદીશભાઈ કિંમતાણી પોતે કેન્સર ના દર્દી હોય મજબુરીનો લાભ હેરાન પરેશાન કરતા ગાળો બોલી મારઝૂડ કરી ગડદાપાટુ નો મારમારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા જગદીશભાઈ કિંમતાણી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ત્રણેય ભાઈઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે વસંતકુમાર જયંતિભાઈ મોદી, કીરીટ કુમાર જયંતિભાઈ મોદી, હરેશકુમાર જયંતિભાઈ મોદી વિરૂધ્ધ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે ગુનો નોધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી.

જન્મદિને વધામણી

જીલ્સ તુષારકુમાર પટેલ
રમોસ, તા. બાયડ

વિધિ પંકજકુમાર પટેલ
વાવ, તા. તલોદ



દિનેશભાઈ ભલુભાઈ પટેલ
બાયડ, જિ.અરવલ્લી

દિનેશભાઈ ભલુભાઈ પટેલ
બાયડ, જિ.અરવલ્લી

અશોકભાઈ નાથાભાઈ પટેલ
(અશોક રીયલ એસ્ટેટ મેનેજમેન્ટ પ્રા.લી.)
હિંમતનગર, જિ.સાબરકાંઠા

ઘનશ્યામ પટેલ
વડાગામ, તા.ધનસુરા

જોયસ મુકુંદભાઈ પટેલ
(ઋષિકુંજ સોસાયટી)
બાયડ (ગટકંપા)

નાનજીભાઈ રેવાભાઈ સોનારા
(એડવોકેટ એન્ડ નોટરી)
નાનાચેખલા, તા.તલોદ